Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# સેનેટ ચૂંટણી–૨૦૨૨ નોટિસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની **તા.૨૬–૦૮–૨૦૨૨** થી પુનઃનિર્મિત (Reconstitute) થનાર સેનેટની ચૂંટણી **તા.૧૪–૦૮–૨૦૨૨** ના રોજ યોજાનાર છે.

સ્ટેચ્યુટ–૨(૧) ની જોગવાઈ અન્વયે સેનેટના બે મતદાર વિભાગોમાં કે એક થી વધુ મતદાર વિભાગોમાં જેઓ મતદાર તરીકે નોંધાયેલા છે, તેવા મતદારોએ આ જાહેરાતની તારીખથી ૭ દિવસમાં એટલે કે **તા.૨૨–૦૬–૨૦૨૨** સુધીમાં પોતાની પસંદગીના ફકત એક મતદાર વિભાગમાં તેમની નોંધણી ચાલુ રાખવા અંગે યુનિવર્સિટી કાર્યાલયના કામકાજના દિવસે અને સમય દરમિયાન કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતને લેખિત જાણ જે તે મતદારની ઓળખના આધાર પુરાવા સહિત કરવાની રહેશે અને જો તેઓશ્રી આ સમય મર્યાદામાં લેખિત જાણ કરશે નહી તો સ્ટેચ્યુટ–૬ મુજબ માનનીય કુલપતિશ્રી તેઓને જે મતદાર વિભાગ એનાયત કરે તે મુજબ માનનીય કુલપતિશ્રીનો નિર્ણય આખરી રહેશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની ચૂંટણી ૨૦૨૨ નાં વિવિધ મતદાર વિભાગોની પ્રોવીઝનલ મતદાર યાદી યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in પર જોઈ શકાશે.

સ્ટેચ્યુટ–૯(૨)(b) મુજબ ફકત નોંધાયેલ સ્નાતકોના મતદાર વિભાગના મતદારો પૈકી જો કોઈ મતદાર તેને ફાળવેલ મતદાન કેન્દ્ર સિવાય અન્ય માન્ય કરેલ મતદાન કેન્દ્ર પર મતદાન કરવા ઈચ્છા ધરાવતો હશે તો તેણે યુનિવર્સિટીના કુલસચિવશ્રીને ચૂંટણીની તારીખના ઓછામાં ઓછા ૨૫ દિવસ પહેલાં એટલે કે **તા.૧૯–૦૭–૨૦૨૨** સુધીમાં લેખિત અરજી સંતોષકારક કારણો અને આધાર પુરાવા સહિત કરવાની રહેશે અને યુનિવર્સિટીના કુલપતિશ્રીને મળેલ સત્તાની રૂએ તેઓ આ બાબતે જરૂરી નિર્ણય લેશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે અને ત્યારબાદ જ મતદાર તેમણે માંગેલ બદલાયેલા મતદાન કેન્દ્ર પર મતદાન કરી શકશે.

સ્ટેચ્યુટ–૯(૩) મુજબ સેનેટની ચૂંટણીની તારીખના ઓછામાં ઓછા ૨૫ દિવસ પહેલાં એટલે કે **તા.૧૯–૦૭–૨૦૨૨** સુધીમાં મતદાર યાદીમાં કોઈ ભૂલ અથવા ખોટી નોંધ અંગેની માહિતી કુલપતિશ્રીનાં ધ્યાન ઉપર લાવવામાં આવશે તો કુલપતિશ્રીએ મતદાર યાદીમાં સુધારો કરી શકશે અને આ બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય આખરી રહેશે.

તા. ૧૫–૦૬–૨૦૨૨

ઈ.ચા. કુલસચિવ